ગુજરાત પ્રદેશ ભાજપા

પ્રેસનોટ ૦૨

તા.૨૫ સપ્ટેમ્બર ૨૦૨૫

-------

‘સેવા સંકલ્પ અભિયાન’ અંતર્ગત ‘સેવા મારું યોગદાન’ કાર્યક્રમ અન્વયે ભાજપા દ્વારા ૨ ઑક્ટોબર સુધી રાજ્યભરમાં વિવિધ જાહેરસેવાના કાર્યક્રમો યોજાશે

-------

વિવિધ જિલ્લા તથા મહાનગરમાં ભાજપા સંગઠન દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન કરાશે

-------

કાર્યક્રમોમાં મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ  સંઘવી, ભાજપા સંગઠનના આગેવાનો, ચુંટાયેલા જનપ્રતિનિધિઓ અને કાર્યકર્તાઓની સક્રિય ભાગીદારી રહેશે

-------

વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન, આરોગ્ય તપાસ શિબિર તથા આંખ તપાસ કેમ્પ, સશસ્ત્ર દળોના સૈનિકો તથા તેમના પરિવારોના સન્માન કાર્યક્રમો, પ્લાસ્ટિક મુક્તિ અંગે જનજાગૃતિ અભિયાન, આદિવાસી છાત્રાલયોમાં સેવા પ્રવૃત્તિઓ તેમજ દિવ્યાંગજનો માટે સહાયરૂપ સેવાકીય પ્રવૃત્તિઓ પૈકીના વિવિધ કાર્યક્રમો યોજાશે

-------

ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, દેશના યશસ્વી અને લોકપ્રિય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના જાહેરજીવનમાં ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે દેશભરમાં ‘સેવા સંકલ્પ અભિયાન’ ચાલી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત ‘સેવા મારું યોગદાન’ કાર્યક્રમ અન્વયે ભાજપા સંગઠન દ્વારા
૨ ઑક્ટોબર સુધી વિવિધ જાહેરસેવાના કાર્યક્રમોનું વિશેષરૂપે આયોજન કરવામાં આવશે.

‘સેવા મારું યોગદાન’ કાર્યક્રમ અંતર્ગત ગુજરાતના વિવિધ જિલ્લા તથા મહાનગરમાં ભાજપા સંગઠન દ્વારા વિવિધ સેવાકીય અને જનહિતલક્ષી કાર્યક્રમો યોજવામાં આવશે. આ અભિયાન અંતર્ગત ‘એક પેડ મા કે નામ’ હેઠળ વૃક્ષારોપણ, ‘સ્વચ્છતા હી સેવા’ અંતર્ગત સ્વચ્છતા અભિયાન, આરોગ્ય તપાસ શિબિર તથા આંખ તપાસ કેમ્પ, સશસ્ત્ર દળોના સૈનિકો તથા તેમના પરિવારોના સન્માન કાર્યક્રમો, પ્લાસ્ટિક મુક્તિ અંગે જનજાગૃતિ અભિયાન, આદિવાસી છાત્રાલયોમાં સેવા પ્રવૃત્તિઓ તેમજ દિવ્યાંગજનો માટે સહાયરૂપ

સેવાકીય પ્રવૃત્તિઓ પૈકીના વિવિધ કાર્યક્રમો કાર્યકર્તાઓ તેમજ સમાજના વિવિધ વર્ગોની ભાગીદારી સાથે યોજવામાં આવશે.

આ કાર્યક્રમોમાં મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ  સંઘવી, ભાજપા સંગઠનના આગેવાનો, ચુંટાયેલા જનપ્રતિનિધિઓ અને કાર્યકર્તાઓની સક્રિય ભાગીદારી રહેશે. ૨ ઑક્ટોબર સુધી ગુજરાતના વિવિધ જિલ્લા તથા મહાનગરમાં યોજાનારી આ વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા ‘સેવા પરમો ધર્મઃ’ની ભાવનાને જન-જન સુધી પહોંચાડવાનો સંકલ્પ વ્યક્ત કરાશે.

પ્રશાંત વાળા
પ્રદેશ મીડિયા ઇન્ચાર્જ
ભાજપા ગુજરાત